
2011

14:39

R.0015 / 11 PB0522



No. 11179/135584 Date: 10-1-11

Dineshbhai M. Patel

D-3, Shalimar Flats

Shahibag, Ahmedabad

Value Rs. 15,000/-

In words: Fifteen thousand ...

Licence No : GUJ/SCC/AUTH/AV/253/2009

THE VIJAY CO-OP. BANK LTD.

Ramnagar Chowk,

Sabarmati, AHMEDABAD - 380 005.

Sign. :

THE SEAL OF THE SUB REGISTRAR OF ... GANDHINAGAR

GDR

541 | 1 | 24

THE SEAL OF THE SUB REGISTRAR OF ...

NOTARY

GOVERNMENT OF INDIA

JAGDISH N. SOLANKI

AHMEDABAD DIST.

GUJARAT STATE

REGD NO. 7510

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે કોલવડા ગામની સીમના સર્વે નં.૩૪૩ ની આશરે- ૪૮૫૬ સ.ચો.મીટર ખાતા નં.૧૩ વાળી જમીનમાંથી રોડ કપાતમા જતા બાકી રહેતી આશરે- ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની પીયતવાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ રૂા.૩,૨૦,૦૦૦/- પુરાનો.

GDR
5A1 / 2 / 24

(૨)

| | |
|---|---|
| <u>એકતરફવાળા:-</u><br>વેચાણ આપનાર:- | શ્રી જયદીપભાઈ ભરતભાઈ<br>**PAN NO:- ABVPK 2321 E**<br>ઉ.આ.વ.૪૨,ધર્મે-હિન્દુ,ધંધો- ખેતી,<br>રહેવાસી:- ૩૧,નિશાંત પાર્ક વિભાગ-૨,<br>સેટેલાઈટ,અમદાવાદના. |

॥ જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમા એકતરફવાળા,વેચાણ આપનાર, લખી આપનાર, જમીન માલીક,અમો,અમારા એ રીતે સંબોધવામાં આવ્યા છે.જે શબ્દના અર્થમાં એકતરફવાળા તથા એકતરફવાળાના વંશ, વાલી,વારસો, એડમીનીસ્ટ્રેટરો,મુખત્યારો,ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.॥

| | |
|---|---|
| <u>બીજાતરફવાળા:-</u><br>વેચાણ લેનાર:- | (૧) શ્રી ચંદુભાઈ જોઈતારામ પટેલ<br>(જેમનો મજકુર જમીનમા ૧૨.૫૦ ટકા પ્રમાણેનો વગર વહેચાયેલ ભાગ યાને હકક હિસ્સો રહેશે.)<br>**PAN NO:- ABIPP 9652 Q**<br>ઉ.આ.વ.૫૫,ધર્મે-હિન્દુ,ધંધો- ખેતી,<br>રહેવાસી:- બી/૦૫,શાલીમાર ફલેટ,શાહીબાગ અંડર બ્રીજ પાસે,શાહીબાગ,અમદાવાદના.<br>(૨) શ્રી કાંતીભાઈ ગાંડાલાલ પટેલ<br>(જેમનો મજકુર જમીનમા ૧૨.૫૦ ટકા પ્રમાણેનો વગર વહેચાયેલ ભાગ યાને હકક હિસ્સો રહેશે.)<br>**PAN NO:- ALMPP 1652 M**<br>ઉ.આ.વ.૪૭,ધર્મે-હિન્દુ,ધંધો- ખેતી,<br>રહેવાસી:- એ/૧૩,પ્રભુપુજન સોસાયટી,નવરોજી હોલની બાજુમા, ડફનાળા રોડ, શાહીબાગ, અમદાવાદના. |

GDR

(૩)

(૩) શ્રી અરવિંદભાઈ વાસુદેવભાઈ પટેલ
(જેમનો મજકુર જમીનમા ૧૨.૫૦ ટકા પ્રમાણેનો વગર વહેચાયેલ ભાગ યાને હકક હિસ્સો રહેશે.)
**PAN NO:- AFXPP 4247 E**
ઉ.આ.વ.૭૨, ધર્મે હિન્દુ, ધંધો- ખેતી,
રહેવાસી:- ૦૪, વૃંદાવન બંગ્લોઝ, શાહીબાગ,
અમદાવાદના.

(૪) શ્રી રાજેશકુમાર મંગળભાઈ પટેલ
(જેમનો મજકુર જમીનમા ૧૨.૫૦ ટકા પ્રમાણેનો વગર વહેચાયેલ ભાગ યાને હકક હિસ્સો રહેશે.)
**PAN NO:- AGDPP 2283 M**
ઉ.આ.વ.૩૯, ધર્મે-હિન્દુ, ધંધો- ખેતી,
રહેવાસી:- એ/૧૦૧/એ, દર્શન એપાર્ટમેન્ટ, ન્યુ પુષ્પક સોસાયટી પાસે, ઘાંસોલ, અમદાવાદના.

(૫) શ્રી રાકેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ
(જેમનો મજકુર જમીનમા ૧૦ ટકા પ્રમાણેનો વગર વહેચાયેલ ભાગ યાને હકક હિસ્સો રહેશે.)
**PAN NO:- ALPPP 2491 J**
ઉ.આ.વ.૩૮, ધર્મે-હિન્દુ, ધંધો- ખેતી,
રહેવાસી:- ૧૪, જયશ્રી અંબે સોસાયટી, મંગલમુર્તિ પાર્ટી પ્લોટની સામે, મેમનગર, અમદાવાદના.

(૬) શ્રી દિનેશભાઈ મણીલાલ પટેલ
(જેમનો મજકુર જમીનમા ૧૧ ટકા પ્રમાણેનો વગર વહેચાયેલ ભાગ યાને હકક હિસ્સો રહેશે.)
**PAN NO:- ACSPP 9378 C**
ઉ.આ.વ.૪૩, ધર્મે-હિન્દુ, ધંધો- ખેતી,
રહેવાસી:- બી/૦૨, શાલીમાર ફ્લેટ, અંડર બ્રીજ પાસે, શાહીબાગ, અમદાવાદના.

(૭) શ્રી ધર્મેન્દ્રકુમાર મણીલાલ પટેલ
(જેમનો મજકુર જમીનમા ૧૨ ટકા પ્રમાણેનો વગર વહેચાયેલ ભાગ યાને હકક હિસ્સો રહેશે.)
**PAN NO:- ADQPP 3996 D**
ઉ.આ.વ.૩૮,ધર્મે-હિન્દુ,ધંધો- ખેતી,
રહેવાસી:- એચ/૦૩,રાજીવપાર્ક સોસાયટી,
કૃષ્ણનગર,અમદાવાદના.

(૮) શ્રી મણીલાલ પુંજીરામ પટેલ
(જેમનો મજકુર જમીનમા ૧૨ ટકા પ્રમાણેનો વગર વહેચાયેલ ભાગ યાને હકક હિસ્સો રહેશે.)
**PAN NO:- ACGPP 9534 J**
ઉ.આ.વ.૬૩,ધર્મે-હિન્દુ,ધંધો- ખેતી,
રહેવાસી:- એચ/૦૩,રાજીવપાર્ક સોસાયટી,
કૃષ્ણનગર,અમદાવાદના.

(૯) શ્રી પ્રહલાદભાઈ કાંતીભાઈ પટેલ
(જેમનો મજકુર જમીનમા ૦૫ ટકા પ્રમાણેનો વગર વહેચાયેલ ભાગ યાને હકક હિસ્સો રહેશે.)
**PAN NO:- AEHPP 6243 H**
ઉ.આ.વ.૫૫,ધર્મે-હિન્દુ,ધંધો- ખેતી,
રહેવાસી:- એ/૦૫,શાલીમાર ફ્લેટ,અંડર બ્રીજ પાસે,શાહીબાગ,અમદાવાદના.

॥ જેમને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં બીજીતરફવાળા,વેચાણ લેનાર,લખાવી લેનાર તમો,તમારા એ રીતે સંબોધવામાં આવ્યા છે.જે શબ્દના અર્થમાં બીજીતરફવાળા તથા બીજીતરફવાળાના વંશ,વાલી, વારસો, એડમીનીસ્ટ્રેટરો,મુખત્યારો,ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.॥

CDR

5A1 5/24



(૧)..રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે કોલવડા ગામની સીમના સર્વે નં.૩૪૩ ની હેકટર-૦૦, આરે-૪૮, ચો.મી.-૫૬ યાને આશરે- ૪૮૫૬ સ.ચો.મીટર ખાતા નં.૧૩ વાળી જમીન જે આકાર જુડી રૂા.૧-૮૧ પૈસાવાળી છે તે જમીનમાંથી રોડ કપાતમા જતા બાકી રહેતી હેકટર-૦૦, આરે-૨૬, ચો મી.-૩૦ યાને આશરે- ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની પીયતવાળી ખેતીની જમીન અમો એકતરફવાલા, લખી આપનારાની પ્રત્યક્ષ કબજા ભોગવટાની, બીનબોજાની, બીનતકરારી, ન દાવાવાળી સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. તેમજ મજકુર જમીન રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાં અમો લખી આપનારાના સ્વતંત્ર નામે ચાલે છે. તેમજ મજકુર જમીનમાં એક હક્ક અમો લખી આપનારાનો સ્વતંત્ર છે. મજકુર જમીનને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "મજકુર અગર સદર જમીન" તરીકે સંબોધવામાં આવેલ છે.

(૨)..મજકુર સર્વે નં.૩૪૩ ની એકર, ૦૧-૦૮ ગુઠા યાને આશરે- ૪૮૫૬ સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન પ્રથમ સને ૧૯૫૪ ની સાલ અગાઉથી નરૂકા અરજણજી સરદારજીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા આવેલી હતી.

(૩)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં જમીનના ભાગલા પડતા અટકાવવા અને તેનુ એકત્રીકરણ કરવા માટે સને ૧૯૪૭ ના કાયદાની કલમ-૫ મુજબ સદર દસ્તાવેજવાળી જમીનનુ ક્ષેત્રફળ જરાયત જમીન તરીકે બે એકરથી ઓછુ હોઈ તાલુકા સરક્યુલરના હુકમ નં.એલ.એન.ડી./સી.ઓ.એન./૫૫ થી તા.૨૮/૧૨/૧૯૫૫ મુજબ ટુકડા ધારા હેઠળ "ટુકડા" તરીકેની નોંધ એન્ટ્રી નં.૨૧૭૭ થી તા.૨૧/૧૧/૧૯૫૬ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૧૮/૦૩/૧૯૫૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૪)..ત્યારબાદ મજકુર સર્વે નં.૩૪૩ ની આશરે- ૪૮૫૬ સ.ચો.મીટર જમીનમાંથી કોલવડા- ગાંધીનગર રોડ બનાવવા માટે સદર જમીન સંપાદન થતા સદર સંપાદનની દુરસ્તીની નોંધ રેકર્ડમાં મે. ડી.ઈ.એલ.આર.અમદાવાદ તરફથી કે.જે.પી.એસ.આર.૩૮/૭૪-૭૫ થી તા.૨૯/૧૧/૧૯૭૫ ના રોજ તેમજ

મે.મામલતદાર સાહેબ,ગાંધીનગરના આર.ઈ.વી/વ.૨૮૫/૨૦૦૩ થી તા. ૧૯/૧૨/૧૯૭૫ ના રોજના હુકમના આધારે દુરસ્તીપત્રક નં.૨૪ આવતા રેકર્ડમા એન્ટ્રી નં.૭૭૫૨ થી તા.૦૮/૧૧/૧૯૮૩ ના રોજ કે.જે.પી.ની નોંધ કરી સદર એન્ટ્રી તા.૨૦/૦૨/૧૯૮૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.ત્યારથી મજકુર સર્વે નં.૩૪૩ ની કુલે- ૪૮૫૬ સ.ચો.મીટર જમીનમાંથી આશરે- ૨૨૨૬ સ.ચો.મીટર જમીન રોડ કપાતમાં જતા બાકીની આશરે- ૨૬૩૦ સ.ચો.મીટર જમીનનો સ્વતંત્ર માલીક તરીકે કબજો ભોગવટો નરૂકા અરજણજી સરદારજી કરતા આવેલા.

(૫)..ત્યારબાદ મજકુર જમીનના માલીક નરૂકા અરજણજી સરદારજીનુ તા.૨૨/૧૨/૧૯૮૦ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.મરહુમ નરૂકા અરજણજી સરદારજીના અવસાનથી તેમના સીધી લીટીના કાયદેસરના વારસદાર તરીકે નરૂકા ચંદુજી અરજણજી સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો,પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ નરૂકા ચંદુજી અરજણજીનુ સ્વતંત્ર નામ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ તથા પંચનામુ રજુ કરતા રેકર્ડમા નરૂકા ચંદુજી અરજણજીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૮૨૮૭થી તા.૦૯/૦૪/૧૯૮૮ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા.૨૨/૦૧/૧૯૮૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૬)..સદર વેચાણ દસ્તાવેજવાળી જમીનના કોમ્પ્યુટર રેકર્ડમા દર્શાવેલ એન્ટ્રી નં.૮૨૯૭ મજકુર સર્વે નંબરની જમીનને લાગુ પડતી નથી.

(૭)..ત્યારબાદ મજકુર સર્વે નં.૩૪૩ ની આશરે- ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની પીયતવાળી ખેતીની જમીન તેના માલીક નરૂકા ચંદુજી અરજણજી પોતે જાતે તથા પોતાના એચ.યુ.એફ.ના કર્તા અને મેનેજર તરીકે તેઓ પાસેથી અમો લખી આપનારા શ્રી જયદીપભાઈ ભરતભાઈએ અમારી સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી રકમ રોકી તા.૩૦/૦૩/૨૦૦૮ ના રોજ રીતસરનો

GDR

541 7/24

રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે. મજકુર વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૧૧૨૯૯ થી તા.૨૬/૦૬/૨૦૦૮ ના રોજ નોંધવામાં આવેલ છે. મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાં અમો લખી આપનારા શ્રી જયદીપભાઈ ભરતભાઈનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૧૧૬૩૮ થી તા.૧૫/૦૭/૨૦૦૮ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૨/૧૦/૨૦૦૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

ત્યારબાદ મજકુર જમીનના માલીક નરૂકા ચંદુજી અરજણજીના વારસદારો તરીકે શ્રી નટવરસિંહ ચંદુજી નરૂકા વિગેરેની કબુલાત અમો લખી આપનારા શ્રી જયદીપભાઈ ભરતભાઈએ અમારી તરફેણમા તા.૨૬/૦૬/૨૦૦૮ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર કબુલાતનુ લખાણ નોટરી રૂબરૂ સહીઓ કરાવી કરાવેલ છે.

(૮)..મજકુર જમીનના રેકર્ડમા મે.મામલતદાર સાહેબ, ગાંધીનગરના હુકમ નં.જમીન/વશી/૦૮ ના તા.૨૨/૦૫/૨૦૦૮ ના રોજના હુકમથી ૭ અને ૧૨ નુ રેકર્ડ પ્રમોલગેશન કરવાની કાર્યવાહી માટે હાલના કોમ્પ્યુટરાઈઝ રેકર્ડનુ મેળવણુ કરી રેકર્ડમા જણાવેલ ક્ષતિઓનો સુધારો કરવા હુકમ કરવાથી રેકર્ડ ઓફ રાઈટસમાં એન્ટ્રી નં.૧૧૬૩૫ થી તા.૧૧/૦૭/૨૦૦૮ ના રોજ રેકર્ડમાં નોંધ કરી સદર એન્ટ્રી તા.૨૨/૧૦/૨૦૦૮ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૯)..મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં અગાઉ એન્ટ્રી નં.૨૧૭૭ થી "ટુકડા" તરીકેની નોંધ કરવામાં આવેલી. પરંતુ મજકુર જમીનમાં ઘણા વર્ષોથી સ્વ.શ્રી પ્રતાપજી મનુજી વાઘેલાની જમીનમાં આવેલ ટયુબવેલના પાણીથી પીયત થતુ હોઈ મજકુર જમીનના રેકર્ડમાંથી "ટુકડા" તરીકેની નોંધ અમો લખી આપનારાએ અમારા ખર્ચે મે.તલાટી/મે.મામલતદાર સાહેબ રૂબરૂ અરજી તથા જવાબ અને પંચનામું રજુ કરી કમી કરાવી તેની પ્રમાણીત નકલ અમો લખી આપનારાએ તમો લખાવી લેનારાએ આપવાની રહેશે. જે અંગેની તમામ જવાબદારી અમો લખી આપનારાની અંગત છે અને રહેશે.

5A1 8 241

(૧૦)..ત્યારથી મજકુર સર્વે નં.૩૪૩ ની આશરે- ૪૮૫૬ સ.ચો.મીટર ખાતા નં.૧૩ વાળી જમીનમાથી રોડ કપાતમા જતા બાકી રહેતી આશરે- ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની પીયતવાળી ખેતીની જમીનનો સ્વતંત્ર માલીક તરીકે કબજો ભોગવટો અમો લખી આપનારા કરતા આવેલા છીએ અને હાલ કરીએ છીએ.તેમજ સદર જમીનમાં અમો લખી આપનારા જાતે સ્વતંત્ર રીતે ખેતી કરીએ છીએ અને આજદીન સુધી સદર જમીનની ભરવાની થતી મહેસુલની રકમ અમોએ અમારા નામથી ભાગે પડતી ભરેલી છે. તેમજ આજદીન સુધી સરકાર દ્વારા સદર જમીનના રેકર્ડમાં પાડવામાં આવેલ એન્ટ્રીઓ પૈકી કોઈજ એન્ટ્રી રીવ્યુમાં લેવામાં આવેલ નથી કે કોઈપણ વ્યકિત કે શખ્સ દ્વારા કોઈપણ કોર્ટ કચેરીમાં ચેલેન્જ કરવામાં આવેલી નથી.

(૧૧). ત્યારબાદ મજકુર સર્વે નં.૩૪૩ ની આશરે- ૪૮૫૬ સ.ચો.મીટર ખાતા નં.૧૩ વાળી જમીનમાથી રોડ કપાતમા જતા બાકી રહેતી આશરે- ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની પીયતવાળી ખેતીની જમીન કે જેનુ સંપુર્ણ વર્ણન નીચે પરિશિષ્ટમાં આપવામા આવેલ છે તે તથા તેની અંદર આવેલ તમામ ચીજ વસ્તુઓ તથા ઝાડ,ફળાઉ ઝાડ,રોપા,છોડ,વાડ,નીક,પડખા-પાન,વાવેતર,પાક ફળાઉ છોડ તથા ખેડ હકકો સુધ્ધાંતની તથા તેના અસલ હદ હકકો સહીતની જમીન તથા તેમાં વાહનો,બળદ,ગાડા સહીત જવા આવવાના તથા ચાલ નીકાલના અમારા ભોગવવામાં આવતા હર હંમેશના હદ,હકકો સહીતની જમીન તથા પાણીની લાઈન તથા પાઈપો સહીતની તથા પાણીના નીકાલના હકકો,પડોશી હકક, ઈજમેન્ટના હકક વિગેરે સહીતની જમીન અમો લખી આપનારાએ તમો વેચાણ લેનારા તમામ પાસેથી મજકુર જમીનના કુલ અવેજના રૂા.૩,૨૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ વીસ હજાર પુરામા નીચેની વિગતે ચુકતે અવેજના તમો લખાવી લેનારા તમામ પાસેથી અમો એકતરફવાળાએ લઈને મજકુર જમીન અમો એકતરફવાળાએ કરાવેલ તા.૩૦/૦૩/૨૦૦૮ ના રોજ કરાવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમા જણાવેલ તમામ હકકો સહીત તમો લખાવી લેનારા તમામને કુલ અભરામ નદાવે અઘાટ વેચાણ આપેલી છે તેમજ મજકુર દસ્તાવેજવાળી જમીનનાં ખુલ્લો અને ચોખ્ખો કોઈપણ જાતની તકરાર સિવાયનો સ્થળ ઉપર ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો એકતરફવાળાએ આજરોજ તમો લખાવી લેનારા તમામને

GPR

૯૪૧ | ૭ | ૨૫

20

સુપ્રત કરેલો છે.જેથી મજકુર જમીનનો ખાલી અને પ્રત્યક્ષ કબજો તમો લખાવી લેનારા તમામે આજરોજ સ્થળ ઉપર સ્વીકારી સંભાળી લીધો છે મજકુર જમીનનો કબજો અમો એકતરફવાળા કે અમો એકતરફવાળાના વારસદારોએ હાલમાં કે ભવિષ્યમાં તમો લખાવી લેનારા તમામ કે તમારા વંશ, વાલી,વારસો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે પાસેથી કદાપી પરત માંગવાનો કે લેવાનો નથી તેમજ તે અંગે કોઈ કોર્ટ કાર્યવાહી કે તકરાર કરવી કરાવવાની નથી જેની આથી અમો એકતરફવાળા તમો લખાવી લેનારા તમામને ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ.

## એકતરફવાળાને અવેજ મળ્યાની વિગત

રૂ.૩,૨૦,૦૦૦/- અંકે રૂપીયા ત્રણ લાખ વીસ હજાર પુરા પૈકી

રૂ.૪૦,૦૦૦/- પુરાનો ચેક નં.૨૧૨૯૧૯,થી નવનિર્માણ કો.ઓ.બેંક લી.બેંકની નરોડા શાખાનો તમો લખાવી લેનારા પૈકી નં.(૧) ના શ્રી ચંદુભાઈ જેઠીતારામ પટેલના ખાતામાંથી તથા

રૂ.૪૦,૦૦૦/- પુરાનો ચેક નં.૯૪૧૫૭૭,થી નવનિર્માણ કો.ઓ.બેંક લી.બેંકની મેઘાણીનગર શાખાનો તમો લખાવી લેનારા પૈકી નં.(૨) ના શ્રી કાંતીભાઈ ગાંડાલાલ પટેલના ખાતામાંથી તથા

રૂ.૪૦,૦૦૦/- પુરાનો ચેક નં.૨૯૧૩૦૭,થી નવનિર્માણ કો.ઓ.બેંક લી.બેંકની નરોડા શાખાનો તમો લખાવી લેનારા પૈકી નં.(૩) ના શ્રી અરવિંદભાઈ વાસુદેવભાઈ પટેલના ખાતામાંથી તથા

રૂ.૪૦,૦૦૦/- પુરાનો ચેક નં.૦૯૨૯૪૦,થી કુકરવાડા નાગરીક સહકારી બેંક લી.બેંકની બાપુપુરા શાખાનો તમો લખાવી લેનારા પૈકી નં.(૪) ના શ્રી રાજેશકુમાર મંગળભાઈ પટેલના ખાતામાંથી તથા

રૂ.૩૨,૦૦૦/- પુરાનો ચેક નં.૯૮૮૮૦૬,થી કાલુપુર કોમર્સીયલ કો.ઓ.બેંક લી.બેંકની સોલા રોડ શાખાનો તમો લખાવી લેનારા પૈકી નં.(૫) ના શ્રી રાકેશભાઈ લક્ષ્મણભાઈ પટેલના ખાતામાંથી તથા

રૂ.૩૫,૨૦૦/- પુરાનો ચેક નં.૦૦૦૧૧૯, થી વિજય કો.ઓ.બેંક લી.બેંકની બાપુનગર શાખાનો તમો લખાવી લેનારા પૈકી નં.(૬) ના શ્રી દિનેશભાઈ મણીલાલ પટેલના ખાતામાંથી તથા

રૂ.૩૮,૪૦૦/- પુરાનો ચેક નં.૦૦૦૦૭૭,થી વિજય કો.ઓ.બેંક લી.બેંકની બાપુનગર શાખાનો તમો લખાવી લેનારા પૈકી નં.(૭) ના શ્રી ધર્મેન્દ્રકુમાર મણીલાલ પટેલના ખાતામાંથી તથા

રૂ.૩૮,૪૦૦/- પુરાનો ચેક નં.૦૦૦૦૮૪,થી વિજય કો.ઓ.બેંક લી.બેંકની બાપુનગર શાખાનો તમો લખાવી લેનારા પૈકી નં.(૮) ના શ્રી મણીલાલ પુંજીરામ પટેલના ખાતામાંથી તથા

રૂ.૧૬,૦૦૦/- પુરાનો ચેક નં.૩૩૩૧૯૪,થી નવનિર્માણ કો.ઓ.બેંક લી.બેંકની મેઘાણીનગર

CDR
5H1 | 11 | 2H

(૧૧)

શાખાનો તમો લખાવી લેનારા પૈકી નં.(૯) ના શ્રી પ્રહલાદભાઈ કાંતીભાઈ પટેલના ખાતામાંથી

મળી કુલે રૂા.૩,૨૦,૦૦૦/- પુરાની રકમના મજકુર તમામ ચેક તા.૦૮/૦૧/૨૦૧૧ ના રોજના અમો લખી આપનારા શ્રી જયદીપભાઈ ભરતભાઈ ના નામના અમો લખી આપનારાએ તમો લખાવી લેનારા તમામ પાસેથી મજકુર દસ્તાવેજવાળી જમીનના ચુકતે હિસાબે આજરોજ લીધેલ તે રકમ અમો લખી આપનારાએ તમો લખાવી લેનારા તમામને આજરોજ આ વેચાણ દસ્તાવેજમા મજરે આપી તે.

એ રીતે રૂા.૩,૨૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ વીસ હજાર પુરા મજકુર દસ્તાવેજવાળી જમીનના ચુકતે હિસાબે અમો લખી આપનારાને તમો લખાવી લેનારા તમામ પાસેથી મળેલા છે જેથી મજકુર જમીનની ચુકતે હિસાબેની રકમ તમો લખાવી લેનારા તમામ પાસેથી મળ્યાની પહોંચ અમો લખી આપનારા આથી કબુલ કરીએ છીએ અને તમો લખાવી લેનારા તમામને દરેક પ્રકારની જવાબદારીમાંથી મુક્ત કરીએ છીએ.

(૧૨). અમો લખી આપનારા તમો લખાવી લેનારા તમામને આ વેચાણ દસ્તાવેજથી લખી આપીએ છીએ કે મજકુર જમીનમાં આવેલ તમામ ચીજ વસ્તુઓ સહીત તેના અસલ હદ હકકો અને ચાલ નીકાલના હકક હીત સંબંધ સહીતની મજકુર જમીન તમો વેચાણ લેનારા તમામને કુલ આખરામ નદાવે અઘાટ વેચાણ આપેલ છે અને હવેથી મજકુર જમીનના તમો વેચાણ લેનારા તમામ કુલ સંયુક્ત માલીક મુખત્યાર અને હકકદાર છો અને તમો વેચાણ લેનારા તમામ મજકુર જમીન ચાંદો સુરજ તપે ત્યાં સુધી આકાશથી પાતાળ સુધી સુખેથી ભોગવો, વસો, વસાવો, વેચો, સાટો, ઓળે કરો યા ગીરો આપો, બક્ષીસ કરો, ભાડે પટ્ટે આપો યા ખેતી કરો, કરાવો, ખેતી વિષયક હેતુ માટે બાંધકામ કરો કરાવો યા તમો લખાવી

GDR

5A1 | 12 | 24

(૧૨)

લેનારા તમામ તમારૂ દીલ ચાહે તેમ કરો અને તેમ કરવા તમો લખાવી લેનારા તમામ કુલ માલીક મુખત્યાર અને હકકદાર છો મજકુર જમીનમાંથી નવેનીધ્ધ આજમાસીધ્ધ જે કાંઈ પ્રગટ થાય યા મળી આવે તો તે તમામ તમો વેચાણ લેનારા તમામના નસીબનું છે અને તમો વેચાણ લેનારા તમામ એકલા તેના માલીક મુખત્યાર અને હકદાર છો.

(૧૩).. અમો વેચાણ આપનારા તમો વેચાણ લેનારા તમામને આથી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ કે અમો વેચાણ આપનારાએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ મજકુર જમીનને કોઈપણ રીતે અસર કરે તેવા કોઈપણ પ્રકારના હાનીકર્તા કૃત્યો કર્યા નથી અમો વેચાણ આપનારા આથી વધુમાં ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ મજકુર જમીનના તમો વેચાણ લેનારા તમામના કબજા ભોગવટામાં અમો વેચાણ આપનારા તથા અમારા વંશ, વાલી, વારસો, એડમીનીસ્ટ્રેટરો, મુખત્યારો ઈત્યાદી કોઈપણ રીતે હરકત હેલો કે અંતરાય અવરોધ કરશે કરાવશે નહીં અને તેમ છતાં તેવું કોઈ કૃત્ય કરે કરાવે તો તેનો જવાબ અમો વેચાણ આપનારા તમો વેચાણ લેનારાને આપવા બંધાયેલા છીએ. અમો વેચાણ આપનારા આથી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ કે મજકુર જમીન અમો વેચાણ આપનારાએ કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, ગીરો, બક્ષીસ યા બોજાથી લખી આપેલ નથી કે કોઈની પાસેથી સદર જમીન પેટે કોઈ રકમ લીધેલી નથી કે મજકુર મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક હીસ્સો કે ખોરાકી પોશાકી કે રહેઠાણ કે બીજા કોઈપણ પ્રકારનો હકક દર દાવો અલાખો નથી અને મજકુર જમીન ચોખ્ખી અને "ના" કરજી છે. મજકુર જમીન કોઈપણ કોર્ટ કચેરી અદાલતના હુકમથી કે અન્ય રીતે જપ્તી કે અવલ જપ્તીમાં લેવામાં આવેલ નથી મજકુર જમીન લીસ્પેન્ડસમાં નથી મજકુર જમીનમાં કોઈ ગણોતીયો કે પેટા ગણોતીયો નથી મજકુર જમીન સંબંધમાં કોઈપણ દાવાદુવી થયા નથી કે ચાલતા નથી મજકુર જમીન વેચાણ કરવા સામે કોઈ મનાઈ હુકમ નથી મજકુર જમીન કોઈપણ પ્રકારના લેણા માટે બોજામાં નથી મજકુર જમીન જમીન ગ્રાસિધારા હેઠળ કે લૅન્ડ સીલીંગ એકટ કે અન્ય કોઈપણ ધારા હેઠળ એકવીઝીશનમાં કે જપ્તીમાં નથી..

(૧૪)..મજકુર દસ્તાવેજવાળી જમીનના રાઈટસ ટાઈટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેનુ ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ શ્રી એન.કે.પટેલ એડવોકેટ મારફત તા.૨૩/૦૭/૨૦૧૦ ના રોજ "સંદેશ" દૈનિક પેપરમાં જાહેર નોટીસ આપેલી.જેના અનુસંધાને આજદીન સુધી કોઈના વાંધાઓ અમો લખી આપનારાને કે વકીલને મળેલા નથી.જેથી અમો લખી આપનારાએ મજકુર જમીન અંગેનુ ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ શ્રી એન.કે.પટેલ એડવોકેટ પાસેથી તા. ૩૨/૦૧/૨૦૧૧ ના રોજ મેળવી તેની નકલ અમોએ તમોને આપેલી છે.જે તમો લખાવી લેનારાએ જોઈ તપાસી સદર જમીન વેચાણ રાખેલી છે.

(૧૫)..અમો લખી આપનારાએ તમો લખાવી લેનારા તમામને આથી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ કે મજકુર જમીન અમારી સ્વર્પાજીત જાત કમાણીની આવકના નાણામાથી રકમ રોકી તા.૩૦/૦૩/૨૦૦૮ ના રોજ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલી જમીન હોઈ અમો લખી આપનારા આ વેચાણ દસ્તાવેજથી મજકુર જમીન તમો લખાવી લેનારા તમામને વેચાણ આપીએ તેમાં અમો લખી આપનારાના વારસદારોને કોઈ વાંધો કે તકરાર નથી.

(૧૬)..નીચે પરિશિષ્ટમાં જણાવેલ મજકુર જમીનના આજદીન સુધીના તમામ પ્રકારના ટેક્ષ,વેરાઓ,જમીન મહેસુલ,વીઘોટી વિગેરે તમામ રકમો અમો વેચાણ આપનારાએ ભરેલ છે તેમ છતાં તેવી કોઈ રકમ બાકી નીકળી આવે તો તે તમામ રકમો ભરપાઈ કરવાની જવાબદારી અમો એકતરફવાળાની રહેશે અને આજરોજ પછીના મજકુર જમીનના તમામ વેરાઓ, જમીન મહેસુલ, વીઘોટી વિગેરે ભરવાની જવાબદારી તમો વેચાણ લેનારા તમામની સંયુકત રહેશે.

(૧૭)..અમો લખી આપનારા જાતે ખેડુત ખાતેદાર છીએ અને જાતે ખેતી કરીએ છીએ અને તમો લખાવી લેનારા તમામ પણ જાતે ખેડુત ખાતેદાર છો અને તમારી પાસે પણ ખેતી ની જમીન આવેલી છે.જેથી તમો લખાવી લેનારા તમામ ખેડુત હોઈ તથા તમો લખાવી લેનારા તમામ પાસે ખેતીની જમીન હોઈ સદર જમીન તમો લખાવી લેનારા તમામને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી છે.

5A1 14|25

(૧૪)

(૧૮)..નીચે પરિશિષ્ટમાં જણાવેલ મજકુર જમીનના તમો વેચાણ લેનારા તમામના હકકો પુરવાર કરવા માટે તથા મજકુર જમીન સરકારી અને અર્ધ સરકારી કચેરીમા અને કોલવડા ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડમાં તમો વેચાણ લેનારા તમામના નામે ચઢાવવા માટે જે જે જરૂરી દસ્તાવેજો,ખાત્રી અને ચીજો સોગંદનામા તથા મે.તલાટી કે મે.મામલતદાર સાહેબની કચેરીમાંથી મળનાર ૧૩૫-ડી ની નોટીસ,ફોર્મ,દસ્તાવેજો,ખાત્રીઓ,ચીજો, સોગંદનામા,જવાબો વિગેરેમા કોઈપણ પ્રકારના ભાવ વધારા કે વળતરની રકમ માગ્યા કે લીધા સિવાય વિના વિલંબે તથા બીન તકરારે અમો વેચાણ આપનારાએ તમો લખાવી લેનારાને સહી કરી આપવાની છે અને સાથ સહકાર આપવાનો રહેશે.

(૧૯)..મજકુર સર્વે નં. ૩૪૩ ની જુની શરતની પીયતવાળી ખેતીની જમીનને હાલમા પ્રકટ ટી.પી.સ્કીમ નં.૧૪ (કોલવડા) મા આવરી લેવામા આવે તો તેના આધારે મળનાર ફા.પ્લોટ પ્રમાણેનો સ્થળ ઉપર સદર જમીનનો કબજો તમો લખાવી લેનારા તમામે મેળવી લેવાનો રહેશે અને સદર ટી.પી.સ્કીમની રૂઈએ જે કાંઈ વરાડે પડતી કપાત થાય અગર કોઈ રકમો ભરવાની થાય અગર વળતર મળે તો તે પણ તમો લખાવી લેનારા તમામે સંયુક્ત રીતે ભરવાનુ કે મેળવવાનુ રહેશે.જે અંગે અમો લખી આપનારાનો કોઈ હકક કે જવાબદારી રહેશે નહીં જેની આથી અમો લખી આપનારા તમો લખાવી લેનારા તમામને ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ.

(૨૦)..મજકુર જમીનના વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી,રજીસ્ટ્રેશન ફી,ટાઈપીંગ ખર્ચ,ડ્રાફ્ટીંગ ફી,વિગેરે તમામ તમો લખાવી લેનારા તમામે ભાગે પડતી ભોગવેલ છે.

(૨૧)..મજકુર જમીન અંગેનો અમો લખી આપનારાએ કરાવેલ તા. ૩૦/૦૩/૨૦૦૮ ના રોજનો અનુક્રમ નં.૧૧૨૯૯ વાળો ઓરીજીનલ વેચાણ દસ્તાવેજ,તા.૨૬/૦૬/૨૦૦૮ ના રોજના કબુલાતના લખાણો,૭ અને ૧૨ ની નકલો,હકક પત્રક- ૬ ની તમામ નકલો તથા બીજા અન્ય કાગળો અમો લખી આપનારાએ તમો લખાવી લેનારા તમામને આજરોજ સુપ્રત કરેલા છે.

(૧૫)

## પરિશિષ્ટ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે કોલવડા ગામની સીમના સર્વે નં.૩૪૩ ની હેકટર-૦૦,આરે-૪૮,ચો.મી.-૫૬ યાને આશરે-૪૮૫૬ સ.ચો.મીટર ખાતા નં.૧૩ વાળી જમીન જે આકાર જુડી રૂા.૧-૮૧ પૈસાવાળી છે તે જમીનમાંથી રોડ કપાતમા જતા બાકી રહેતી હેકટર-૦૦,આરે-૨૬,ચો.મી.-૩૦ યાને આશરે- ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની પીયતવાળી ખેતીની જમીન.

### મજકુર સર્વે નં.૩૪૩ ની આશરે- ૨૬૩૦ સ.ચો.મીટર જમીનના ખુટચારની વિગત

પુર્વે • સર્વે નં.૩૪૨ ની જમીન આવેલી છે.


પશ્ચિમે • સર્વે નં.૩૪૪ ની જમીન આવેલી છે.

ઉત્તરે • સર્વે નં.૩૬૮ ની જમીન આવેલી છે.

દક્ષિણે • જવા આવવા માટેનો નાળીયા રસ્તો તથા સર્વે નં.૫૩૭ ની જમીન આવેલી છે.

એ રીતેની ઉપરોક્ત ખુટચારના વર્ણનવાળી સર્વે નં. ૩૪૩ના આશરે- ૪૮૫૬ સ.ચો.મીટર ખાતા નં.૧૩ વાળી જમીનમાંથી રોડ કપાતમા જતા બાકી રહેતી આશરે- ૨૬૩૦ સ.ચો.મીટર જુની શરતની પીયતવાળી ખેતીની જમીન તથા તેમાં વાહનો તથા બળદગાડા સાથેના જવા આવવાના હર હંમેશના હદ હકકો સહીતની તથા તેમાં આવેલ ઝાડ,બીડ,વાડ,કાંટા,પાલી,પડયા,પાન સુધાતની અસલ હદ, હકકો મુજબની તથા તે અંગેના બીજા જે જે હકકો ભોગવવામાં આવતા હોય તે અને અગર મળવાપાત્ર જે હોય તે હકક સહિતની જમીન.


(૧૬)



| | |
|---|---|
| મીલ્કતનુ સરનામુ:- | સર્વે નં. ૩૪૩ પૈકીની આશરે- ૨૬૩૦ સ.ચો. મીટર જમીન, મુ.પો. કોલવડા ગામ તા.જી. ગાંધીનગર. |
| વેચાણ આપનારની સહી:- | |
| વેચાણ લેનારની સહી:- | |

GDR
5A1 / 17 / 24

(૧૭)



| | |
|---|---|
| મીલકતનુ સરનામુ:- | સર્વે નં.૩૪૩ પૈકીની આશરે- ૨૬૩૦ સ.ચો. મીટર જમીન,મુ.પો.કોલવડા ગામ તા.જી.ગાંધીનગર. |
| વેચાણ આપનારની સહી:- | |
| વેચાણ લેનારની સહી:- | |

5A1 18 24

(૧૮)

ઉપર મુજબના વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળાએ વાંચી, વંચાવી, અમારી સમજની ભાષામા ભાષાંતર કરાવી, સમજી, વિચારી, અક્કલ હોશિયારીથી તનમનના સાવધાનપણામાં કોઈપણ વ્યકિતના દાબદબાણ સિવાય રાજીખુશીથી બીનકેફે કરી આપેલ છે. જે અમો એકતરફવાળાને તથા અમારા વંશ, વાલી, વારસો, એડમીનીસ્ટ્રેટરો, મુખત્યારો, ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે તે સાથી.

આજ તા. ૨૩ માહે જાન્યુઆરી સને-૨૦૧૧ ના દીને શહેર ગાંધીનગર મુકામે.

અત્રે ———— મજુ અત્રે ———— શાખ.

એકતરફવાળા:-
વેચાણ આપનાર:-

(શ્રી જયદીપભાઈ ભરતભાઈ)

(૧) ————

(૨) ————

GDR

5A) 19 24

20[illegible]

(૧૯)

# રજીસ્ટ્રેશન અધિનિયમન કલમ ૩૨ (અ) હેઠળનુ પરીશીષ્ટ

| એકતરફવાળા:- | ફોટો | ડાબા હાથના |
| --- | --- | --- |
| વેચાણ આપનાર:- | | અંગુઠાનુ નિશાન |



(શ્રી જયદીપભાઈ ભરતભાઈ)

બીજાતરફવાળા:-

વેચાણ લેનાર:-




(૧)

(શ્રી ચંદુભાઈ જોઈતારામ પટેલ)



(૨)

(શ્રી કાંતીભાઈ ગાંડાલાલ પટેલ)



(૩)

(શ્રી અરવિંદભાઈ વાસુદેવભાઈ પટેલ)



(૪) પટેલ રાજેશકુમાર મંગળભાઈ
(શ્રી રાજેશકુમાર મંગળભાઈ પટેલ)



(૫) ____________
(શ્રી રાકેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ)



(૬) ____________
(શ્રી દિનેશભાઈ મણીલાલ પટેલ)



(૭) Dharmendra m. Patel
(શ્રી ધર્મેન્દ્રકુમાર મણીલાલ પટેલ)



(૮) ____________
(શ્રી મણીલાલ પુંજારામ પટેલ)

(૮) ____________________

(શ્રી પ્રહલાદભાઈ કાંતીભાઈ પટેલ)




| GDR | | |
|---|---|---|
| 541 | 22 | 24 |
| 2011 | | |

અનુક્રમ નંબર ૫૪૧ અને ૨૦૧૧
ના જાન્યુઆરી માસની ૧૩ મી તારીખે
૧૬ થી ૧૭ વાગ્યાની વચ્ચે ગાંધીનગર
સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો.

પહોંચ નંબર: ૨૦૧૧૦૪૮૦૦૧૪૫૩
ફીપહોંચી છે તે

| | | રૂ. પૈસા |
|---|---|---|
| રજીસ્ટ્રેશન ફી | | ૩૨૦૦ |
| નકલ કરવા ની ફી આઈડ / ફોલી | ૨૫ ) | ૨૫૦ |
| અન્ય ફી | | ૦ |
| કુલ એકંદરે રૂ. | | ૩૪૫૦ |

હિતેશભાઈ મહીજીભાઈ પટેલ (૧૧ દસ્ત લીધેલો)

(કે.ડી.મકવાણા)
સબ રજીસ્ટ્રાર
ગાંધીનગર

(કે.ડી.મકવાણા)
સબ રજીસ્ટ્રાર
ગાંધીનગર

| પક્ષનું નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉંમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| આપનાર | | | | | |
| ૧.૦ | રજનીકાન્તભાઈ ભગતભાઈ ની ૯-૨ ૯-૩૦ ચા.મી. 31 નિશાંત પાર્ક વિભાગ-2, ગોતા, અમદાવાદ | ૪૨ |  |  | |

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ લખી આપ્યાનું કબુલ કરે છે.

| GDR | | |
|---|---|---|
| 541 | 23 | 25 |
| 2011 | | |

૧ [illegible]
પ્લોટ નં. 1602/2 [illegible] ગાંધીનગર

૨ [illegible]
3/302 [illegible] અમદાવાદ.



તેઓ કહે છે કે સદરહુ લખી આપનારને તેઓ જાતે ઓળખે છે.
અને તેમની ઓળખાણ આપે છે.

તારીખે ૧૩ માહે જાન્યુઆરી -૨૦૧૧

કે.ડી. મકવાણા
સબ રજીસ્ટ્રાર
ગાંધીનગર

બજાર કિંમત નક્કી કરવા અંગેનુ
ફોર્મ નં. ૧ રજુ થયેલ છે.

તારીખ : ૧૩/૦૧/૨૦૧૧

કે.ડી. મકવાણા
સબ રજીસ્ટ્રાર
ગાંધીનગર

| GDR | | |
| --- | --- | --- |
| 541 | २५ | २५ |
| 2011 | | |

૧ નંબરની બુકના 541 નંબરે નોંધ્યા છે.

તારીખ : ૧૨/૦૪/૨૦૧૧

કે.ડી. મકવાણા
સબ રજીસ્ટ્રાર
ગાંધીનગર

NOTARY
JAGDISH N. SOLANKI
AHMEDABAD-DIST.
GUJARAT STATE
REGD NO.
7510
GOVERNMENT OF INDIA

TRUE COPY
JAGDISH N. SOLANKI
NOTARY
GOVT. OF INDIA

# અનુક્રમણિકા નંબર - ૨

સબ-રજીસ્ટ્રાર કચેરી

ગામનું નામ : કોલવડા

એસ.આર.ઓ - ગાંધીનગર

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ગણોત પટાના કિસ્સામાં ભાડાપટે આપનાર અથવા પટે રાખનાર એ બે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ / નોંધણીની તારીખ | અનુક્રમ, વોલ્યુમ અને પૃષ્ઠ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ટ્રાન્સફર<br>રૂ. [illegible] | સર્વે નં.343 હે.આરે.ચો.મી.00-48-56 યાને 4856 સ.ચો.મી. ખાતા નં.13 વાળી જમીન આકાર રૂ.1-81 તે જમીનમાંથી રોડ કપાત જતા બાકી રહેતી હે.આરે.ચો.મી.00-26-30 યાને 2630 સ.ચો.મી. જુની શરતની બીનખેતીની જમીન | | | જયદીપભાઈ ભરતભાઈ ની 0-26-30 ચો.મી. | ચંદુભાઈ જોઈતારામ પટેલ (12.50 ટકા હીસ્સો)<br>કાંતીભાઈ મોહનલાલ પટેલ (12.50 ટકા હીસ્સો)<br>અરવિંદભાઈ વાસુદેવભાઈ પટેલ (12.50 ટકા હીસ્સો)<br>રાજેશકુમાર મંગળભાઈ પટેલ (12.50 ટકા હીસ્સો)<br>રાકેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ (10 ટકા હીસ્સો)<br>દિનેશભાઈ મણીલાલ પટેલ (11 ટકા હીસ્સો)<br>મનીષકુમાર મણીલાલ પટેલ (12 ટકા હીસ્સો)<br>મણીલાલ પુંજારામ પટેલ (12 ટકા હીસ્સો)<br>પ્રહલાદભાઈ કાંતીભાઈ પટેલ (૯ ટકા હીસ્સો) | [illegible]<br>[illegible] | [illegible] | |

THE SEAL OF THE SUB REGISTRAR OF GANDHINAGAR

મુસદ્દો કરનાર

ખરી નકલ

ડી.એમ. પટેલ ની તારીખ : ૧૫/૦૧/૨૦૧૧ ના રોજની

અરજી નંબર : ૯૮૪

નંબર :

તારીખ : ૧૫/૦૧/૨૦૧૧

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - ગાંધીનગર

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - ગાંધીનગર

નોંધ: કોમ્પ્યુટર પ્રિન્ટમાં કોઈ પણ રીતે કરેલ સુધારો માન્ય ગણાશે નહીં

NOTARY GOVERNMENT OF INDIA
JAGDISH N. SOLANKI
AHMEDABAD-DIST.
GUJARAT STATE
REGD NO. 7510

TRUE COPY

JAGDISH N. SOLANKI
NOTARY